સરકારી હિસાબ ખાતુ, વડી કચેરી
સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા / સ્ટેટ બેંક ઓફ ઈન્દોર / સ્ટેટ બેંક ઓફ પતિયાળા
સ્ટેટ બેંક ઓફ બીકાનેર અને જયપુર / સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર
સ્ટેટ બેંક ઓફ ત્રાવણકોર / સ્ટેટ બેંક ઓફ હૈદરાબાદ / સ્ટેટ બેંક ઓફ મૈસુર
અલાહાબાદ બેંક / બેંક ઓફ બરોડા / બેંક ઓફ ઈન્ડિયા / બેંક ઓફ મહારાષ્ટ્ર /
કેનેરા બેંક / સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા / કોરપોરેશન બેંક / દેના બેંક / ઈન્ડિયન બેંક /
ઈન્ડિયન ઓવરસિઝ બેંક / પંજાબ નેશનલ બેંક / સિન્ડીકેટ બેંક / યુકો બેંક /
યુનિયન બેંક ઓફ ઈન્ડિયા / યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયા / વિજ્યા બેંક /
આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ

મહાશય,

**<u>વરિષ્ઠ નાગરિક બચત યોજના, 2004 હેઠળ ચૂકવવાપાત્ર વ્યાજ પર મૂળ સ્થાને કાપેલો કર બેંકો દ્વારા ફોર્મ નં.15એચ અને 15જી નો અસ્વીકાર</u>**

વરિષ્ઠ નાગરિક બચત યોજના, 2004 અંગે મૂળ સ્થાને કાપેલા કર સંબંધી પ્રશ્નો અંગે ખાતરીપૂર્વકની ચોખવટ સાથે મોકલેલા અમારો તા.28 જૂન, 2006 નો પરિપત્ર નં.ભારતીય રિઝર્વ બેંક/2005-06/431 સંદર્ભ નં.ડીજીબીએ.સીડીડી.નં.એચ-20692/15.15.001/2005-06, જુઓ.

2. અમને ભારત સરકારના નાણા મંત્રાલય, નવી દિલ્હી તરફથી એક પત્ર મળ્યો છે કે હજી પણ એજન્સી બેંકો દ્વારા ફોર્મ નં.15જી અથવા 15એચ નહીં સ્વીકારવા અંગે તેમને સંખ્યાબંધ ફરિયાદો મળે છે, અને થાપણદાર આ ફોર્મ ફાઈલ અથવા રજૂ કરતા હોવા છતાં વ્યાજની રકમમાંથી કર કાપી લેવામાં આવે છે.

3. તેથી અમે ફરી ફરીને કહીએ છીએ કે એજન્સી બેંકોએ થાપણદાર જયાં ફોર્મ નં.15એચ અથવા ફોર્મ નં.જી અથવા 1961 ના આવકવેરા અધિનિયમની કલમ 197(1) હેઠળનું પ્રમાણપત્ર જેની નકલ તમને કયારનીય મોકલી છે તે રજૂ કરે ત્યાં ભારત સરકારની કચેરી યાદી નં.2/8/2005-એનએસ.II, તા.23 જૂન, 2006 માં નિયત કર્યા પ્રમાણે યથા પ્રસંગ મૂળ સ્થાને કોઈ કર કપાત કરવી ન જોઈએ.

4. આ પરિપત્રની હકીકત માહિતી અને અનુપાલન માટે તમારી બેંકની પદનામિત શાખાઓના ધ્યાન પર લાવવી.

5. આ પત્ર મળ્યાની પહોંચ મોકલી આપવા વિનંતી.

આપનો વિશ્વાસુ,

(બી.બી.સંગમા)
મહાપ્રબંધક